# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૭ તા.૧૪-૧૦-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- SC/SEBC/EBC/NT-DNT/Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ સહાય બાબત.

સંદર્ભ :- ક્ર : અજાક / ૧૦૨૦૧૮/૩૪૮૨૫૨/ગ-૮૫૫ તા.૦૫-૧૦-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ની SC/SEBC/EBC/NT-DNT/Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવી કરવામાં આવે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ અતર્ગત પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ સહાય યોજનાઓની પડતર કામગીરીની સમીક્ષા કરતા ઘણી શાળાઓમાં ઉકત યોજનાઓની કામગીરી બાકી હોય તેવુ જણાય છે. સદરહુ બાબતે સંબંધિત શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ ઉકત યોજનાઓ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન દરખાસ્ત કરવાની હોય છે. ચાલુ વર્ષે સરકારશ્રીના ૧૦૦ દિવસના કાર્યક્રમ અંતર્ગત કરવાની થતી કામગીરી અન્વયે ૧૦૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળે તેવું આયોજન કરવાનું હોવાથી તમામ મુખ્ય શિક્ષકશ્રીએ દરરોજ રીવ્યુ કરીને પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ સહાયની દરખાસ્તો દરરોજ ઓનલાઇન મોકલે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૪-૧૦-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

क्र: अजाक/१०२०१८/३४८२५२/ग बाप
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર
૫/૯, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા. 05/10/2021

૧૫૦ YEARS OF CELEBRATING THE MAHATMA

સુનયના તોમર, આઈ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ

સ્નેહીશ્રી,

અત્રેના વિભાગ હસ્તકની શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ની SC/SEBC/EBC/NT-DNT/Minority જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/ સાયકલ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ અંતર્ગત પ્રિમેટ્રીક શિષ્યવૃતિ, પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/સાયકલ સહાય યોજનાઓની પડતર કામગીરીની સમીક્ષા કરતા ઘણી શાળાઓમાં ઉક્ત યોજનાઓની કામગીરી બાકી હોય તેવુ જણાય છે. આ બાબતે સંબધિત શાળાના આચાર્યશ્રીએ ઉક્ત યોજનાઓ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન દરખાસ્ત કરવાની હોય છે. ચાલુ વર્ષે સરકારશ્રીના ૧૦૦ દિવસના કાર્યક્રમ અંતર્ગત કરવાની થતી કામગીરી અન્વયે ૧૦૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળે તેવું આયોજન કરવાનું હોય આપના તરફથી પણ તમામ આચાર્યશ્રીઓ દરરોજ રીવ્યુ કરીને પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/ સાયકલ સહાયની દરખાસ્તો દરરોજ ઓનલાઇન મોકલે તે સુનિશ્ચિત કરવામાં આવે તો આ કામગીરીમા ઝડપ લાવી શકાય તેમ છે, જેથી સંબધિત શાળાના આચાર્યશ્રીઓને તાબાના અધિકારીશ્રીઓ મારફત સૂચનાઓ આપવા વિનંતી છે.

ઉપરોક્ત કામગીરીમાં અંગત રસ લઈ સમયસર પૂર્ણ થાય તેવી વ્યવસ્થા કરાવી કરેલ કામગીરીની મને જાણ કરશો.

કુશળ હશો.

( સુનયના તોમર )

નિયામક વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર
12 OCT 2021
શાખા : ૭૬૩૬
ઇનવર્ડ નં. ........

પ્રતિ,
ડૉ. વિનોદ રાવ,
સચિવશ્રી,પ્રાથમિક/માધ્યમિક શિક્ષણ
શિક્ષણ વિભાગ, સચિવાલય
ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના હસ્તકની જિલ્લા કચેરીઓને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચનાઓ આપવા સારૂ.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના હસ્તકની જિલ્લા કચેરીઓને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચનાઓ આપવા સારૂ.

2021/10/12 17:27